# રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા(બીજો દિવસ)

## શ્રી ગણપતસિંહ વસાવાના ચર્ચાના મુદ્દા

પ્રવાસન વિભાગની સિદ્દિઓ

ફાળવેલ સમય– ૮ મિનિટ

**જય શ્રી રામ**

**૧. માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત વિધાનસભાના સત્ર માં રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને ગૃહના સન્માનીય સભ્યશ્રી નરેશભાઈ પટેલ લઈને આવ્યા છે. સભ્યશ્રી કેશાજીભાઈ ચૌહાણે એમને સમર્થન આપ્યું છે. હું પણ મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

**૨. માન.અધ્યક્ષશ્રી,**

સૌ પ્રથમ અહિંસાના પૂજારી અને સત્યના સાધક રાષ્ટ્રપિતાશ્રી મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, ગુજરાતના મહાન સપૂત એવા મૂક સેવક પૂજ્યશ્રી રવિશંકર મહારાજ ગુજરાત રાજયના પનોતા પુત્રશ્રી ઇન્દુલાલ યાજ્ઞિકજી ને આ વિધાનસભામાં સ્મરણ કરીને સત–સત વંદન કરું છું.

**૩. માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય આજે ટુરીઝમ હબ બન્યુ છે, રાજ્ય સરકારે **"અતિથિ દેવો ભવ"** ની પરંપરા સ્વભાવગત લાગણીને કેન્દ્રસ્થાને રાખીને રાજયમાં આવનારા પ્રવાસીઓની સુખ સુવિધાને પ્રાધાન્ય આપ્યું છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ દેશ અને દુનિયા સમક્ષ મૂકેલા ગુજરાત વિકાસ મોડેલને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ ભારત અને વિશ્વ સ્તરે ગુજરાતના ટૂરીઝમ ક્ષેત્રનો વિકાસ કરવા કટિબધ્ધ છે.

**૪. માન.અધ્યક્ષશ્રી,**

૨૦૦૧–૦૨ માં પ્રવાસનનું બજેટ ૧૨ કરોડ હતું જે આજે રૂ.૧૪૦૭ કરોડનું થયું છે એ જ બતાવે છે કે, પ્રવાસન ક્ષેત્રના વિકાસ રાજય સરકારની ઇચ્છાશક્તિ કેટલી પ્રબળ છે. **"ખુશ્બુ ગુજરાત કી"** કેમ્પેઇનથી શરૂ થયેલ પ્રવાસનના વિકાસની પ્રાથમિકતાને કારણે આજે વર્ષે લગભગ ૧૫ કરોડ કરતા વધારે પ્રવાસીઓ ગુજરાતની મુલાકાત લે છે.

**૫. માન.અધ્યક્ષશ્રી,**

આપણા રાજયમાં માત્ર ઉદ્યોગો છે એવું નથી રણ પણ છે, દરીયો છે, જંગલો છે, પર્વતો છે, મંદિરો છે, મહાલયો છે, રાજમહેલો છે, દરેક જિલ્લાની પોતાની કથાઓ છે. લોકકલાઓ છે, ભવાઇ છે, ગરબા છે, રંગ–બેરંગી વેશ પરીધાન છે.

**૬. માન.અધ્યક્ષશ્રી,**

આતિથ્યમ ટુરિસ્ટ ફૂટફોલ ડેશબોર્ડમાં હાલના તબક્કે ગુજરાત માં ૧૦૯ પ્રવાસન સ્થળોની વિગતો રાખવામાં આવેલ છે. જેમાં ૨૨ બીઝનેસ કેટેગરીના પ્રવાસન સ્થળો, ૨૪ ધાર્મિક કેટેગરીના પ્રવાસન સ્થળો, ૪૫ લોઝર કેટેગરીના પ્રવાસન સ્થળો, ૧૮ હેરિટેજ કેટેગરીના પ્રવાસન સ્થળોનો સમાવેશ થાય છે.

**૭. માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં પ્રવાસીયો ને આકર્ષવા લોક સંસ્કૃતિને ધબકતી રાખવા તેમજ અબાલ–વૃધ્ધ તમામ વર્ગને ભાતીગળ સંસ્કૃતિની ઝલક આપવા માટે વિવિધ ઉત્સવો અને મેળાઓનું વર્ષભર આયોજન હાથ ધરવામાં આવે છે.

**૮. માન.અધ્યક્ષશ્રી,**

જેમાં (૧)તરણેતરનો મેળો (૨)નવરાત્રી મહોત્સવ (૩) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (૪) સાપુતારા ખાતે મોનસૂન ફેસ્ટીવલ (૫) માધવપુર મેળો (૬) ગાંધી મેળો (૭) કેવડીયા ખાતે મેઘ મલ્હાર પર્વ (૮) હેરિટેજ ફેસ્ટિવલ(અડાલજની વાવ, ચાંપાનેર તથા ધોળાવીરા ખાતે) (૯)ઉદવાડા ઉત્સવ (૧૦) ટ્રાઇબલ ડે (૧૧) ડાંગ દરબાર (૧૨)પંચ મહોત્સવ (૧૩)ફૂડ ફેસ્ટિવલ (૧૪)સીમાદર્શન, (૧૫)શિવરાજપુર બીચ (૧૬) બાલાસિનોર પાસે ડાયનાસોર થીમ પાર્ક નો સમાવેશ થાય છે. વિવિધ આયોજનોએ પ્રવાસીઓના દીલ જીતી લીધા છે.

**૯. માન.અધ્યક્ષશ્રી,**

સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર આજે ફોન્ફરન્સ અને સેમિનાર માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યુ છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન કુલ ૯૬ કોન્ફરન્સ અને સેમિનારનું સફળતાપુર્વક આયોજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૧.૭૨ કરોડ કરતા વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટીને મળેલ એવોર્ડ**

- ૨૦૧૮ વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડસ સૌથી ઉંચી પ્રતિમા તરીકે સ્થાન
- ૨૦૧૯ ટાઇમ્સ મેગેઝીન વિશ્વના ૧૦૦ સૌથી જોવાલયક સ્થળો પૈકી એક
- ૨૦૧૯ વર્લ્ડ આર્કિટેકચર ન્યુઝ એવોર્ડ
- ૨૦૨૩ ઈન્ડિયા ટુડે બેસ્ટ આઇકોનિક લેન્ડસ્કેપ

**૧૦. માન.અધ્યક્ષશ્રી,**

મોદી સાહેબ દ્વારા કચ્છમાં વર્ષ ૨૦૦૬ થી શરૂ કરવામાં આવેલ રણોત્સવ કચ્છના ગ્રામીણ જીવનમાં સામાજિક, આર્થિક –પર્યાવરણીય ઉન્નતિનો મોટો આધાર બન્યો છે.

**૧૧. માન.અધ્યક્ષશ્રી,**

આજે **“ધોરડો”** પ્રવાસનની વૈશ્વિક ઓળખ બન્યું છે. યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટૂરિઝમ દ્વારા વિશ્વના ટૂરિઝમ વિલેજની યાદીમાં ધોરડોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૧૨. માન.અધ્યક્ષશ્રી,**

ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે યોજાયેલ **“બેસ્ટ ટૂરિઝમ વિલેજ–૨૦૨૩”** એવોર્ડ સેરેમની કાર્યક્રમ દરમિયાન ભારતમાંથી એકમાત્ર ધોરડોને **“બેસ્ટ ટૂરિઝમ વિલેજ”** નો એવોર્ડ એનાયત થયેલ છે. સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે.

**૧૩. માન.અધ્યક્ષશ્રી,**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રયાસોથી આ વર્ષે ગુજરાતની ઓળખ સમા નવરાત્રીના ગરબાને યુનેસ્કો દ્વારા **”અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર”**તરીકે જાહેર કરાતાં ગુજરાતના ગરબાને વૈશ્વિક ઓળખ મળી છે.

**૧૪. માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં આવેલ પાટણની રાણકી વાવ, ચાંપાનેર અને ધોળાવીરા એ ત્રણ વિશ્વ કક્ષાના હેરીટેજ પ્રવાસન સ્થળો છે. હવે અમદાવાદને પણ દેશના સૌપ્રથમ હેરીટેજ સીટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. તદુપરાંત તાજેતરમાં જ મોઢેરા અને વડનગર ને યુનેસ્કો દ્વારા સૂચિત યાદી માં સામેલ કરેલ છે.

**૧૫. માન.અધ્યક્ષશ્રી,**

આપણા સૌના આદર્શ એવા સ્વામી વિવિકાનંદના જીવન સાથે જોડાયેલા સ્થળોને જોડતી"સ્વામી વિવેકાનંદ સર્કીટ"નો વિકાસ કરવામાં આવનાર છે.

**૧૬. માન.અધ્યક્ષશ્રી,**

ગાંધી સર્કિટ એટલે કે, મહાત્મા ગાંધીજીના જીવન સાથે સંકળાયેલા સ્થળોનો વિકાસ કરતા આજે પ્રવાસનના આ સ્થળોમાં દુનિયાભરના લોકોને રસ પડયો છે.

## અન્ય ધ્યાનાકર્ષક કામગીરી

**૧૭. માન.અધ્યક્ષશ્રી,**

ભારતના કરોડો હિન્દુઓના આસ્થા એટલે ભગવાન શ્રી રામ ૫૦૦ વર્ષના સંઘર્ષ અને લાખો લોકોના બલીદાન પછી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ અયોધ્યામાં પ્રભુ શ્રી રામ લલ્લા બિરાજીત થયા છે. ત્યારે આ ઐતિહાસિક પળ આપવા બદલ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર વ્યક્ત કરુ છું અને કોટી કોટી વંદન કરું છું.

**૧૮. માન.અધ્યક્ષશ્રી,**

વધુમાં ગુજરાત સરકાર દ્વારા ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે ગુજરાત યાત્રી ભવન બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા  આયોધ્યા ખાતે ગ્રીન ફિલ્ડ ટાઉનશીપમાં ૭૦૦૦ સ્કવેર મીટરને જગ્યા ફાળવવામાં આવેલ છે. જેના પર ટૂંક સમયમાં નિગમ દ્વારા યાત્રી ભવનનું નિર્માણ કરવામાં આવશે.

**૧૯.માન.અધ્યક્ષશ્રી,**

નેશનલ ટુરીઝમ સ્ટેસ્ટેક્સ ૨૦૨૧ના રિપોર્ટ મુજબ અગાઉના વર્ષોમાં ગુજરાત રાજય વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં બારમાં સ્થાને અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં નવમા સ્થાને હતુ. હાલમા ગુજરાત માં થઇ રહેલા પ્રવાસનના વિકાસને કારણે નેશનલ ટુરીઝમ નાં ૨૦૨૨ના રિપોર્ટ મુજબ ગુજરાત રાજય વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં પ્રથમ સ્થાને અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં પાંચમા સ્થાને આવી ગયેલ છે.

**૨૦. માન.અધ્યક્ષશ્રી,**

**પ્રવાસન ક્ષેત્રે વેગવંતો બનાવવા ગુજરાત સરકારે અનેક પોલીસી બનાવી છે.**

- તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ રાજયની પ્રથમ હોમ સ્ટે પોલીસી જાહેર કરવામાં આવેલ હતી. જેને તા.૨૧/૧૨/૨૦૨૦ ના રોજ રીવાઇઝડ કરી જાહેર કરવામાં આવેલ હતી.
- તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ રાજયની પ્રથમ હેરીટેજ પ્રવાસન નીતિ ૨૦૨૦–૨૫ જાહેર કરવામાં આવી.
- તા.૧૨/૦૧/૨૦૨૧ નાં રોજ પ્રવાસન નીતિ ૨૦૨૧–૨૫ જાહેર કરવામાં આવી.
- તા.૦૯/૦૯/૨૦૨૨ નાં રોજ સિનેમેટિક પ્રવાસન નીતિ ૨૦૨૨–૨૭ જાહેર કરવામાં આવી.
- સિનેમેટિક પ્રવાસન નીતિ ૨૦૨૨–૨૭ અંતર્ગત રૂ.૩૫ કરોડના લાભ મંજુર કરવામાં આવેલ છે.
- પ્રવાસન નીતિ ૨૦૨૧–૨૫ સિનેમેટિક પ્રવાસન નીતિ તથા હેરીટેજ પ્રવાસન નીતિ માટે ઓનલાઇન પોર્ટલ કાર્યરત છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મહામહીમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ લઈને સન્માનીય સભ્યશ્રી નરેશભાઈ પટેલ આવ્યા છે. તેમને સભ્યશ્રી કેશાજીભાઈ ચૌહાણ એ ટેકો આપ્યો છે. તેમાં મારા સુર પુરાવી મારી વાણીને વિરામ આપું છું.